(૨૩) લોહી : હૃદય :: વાયુ : ?

(A) નાક (B) ફેફસાં

(C) શ્વસન (D) નાસિકા

→ વાયુનું નિયંત્રણ [ફેફસાં] કરે છે.

(૨૪) જેવી રીતે કેપ્ટનનો સંબંધ સૈનિક સાથે છે તેવી રીતે નેતાનો સંબંધ કોની સાથે?

(A) મત (B) મંત્રી

(C) અનુયાયી (D) દળ

→ નેતાને [અનુયાયી] હોય છે.

(૨૫) FI : KN :: PS : ?

(A) VY (B) UX

(C) WZ (D) [illegible]

→ F +5→ K P +5→ U

I +5→ N S → X [UX]

(૨૬) તાપમાન : થર્મોમીટર :: રક્તદબાણ : ?

(A) સ્ફીગ્મોમેનોમીટર (B) સ્ટેથોસ્કોપ

(C) કાર્ડિયોગ્રામ (D) ઇલેક્ટ્રોગ્રાફ

→ તાપમાન માપવા માટે થર્મોમીટરનો ઉપયોગ થાય છે તે રીતે રક્તદબાણ માપવા માટે [સ્ફીગ્મોમેનોમીટર]નો ઉપયોગ થાય છે.

(૨૭) શિક્ષક : વિદ્યાર્થી :: કોચ : ?

(A) મેદાન (B) ટીમ

(C) ખેલાડી (D) રમત

→ જેવી રીતે શિક્ષક વિદ્યાર્થીને ભણાવે છે તેવી રીતે કોચ [ખેલાડી]ને રમત શીખવાડે છે.

(૨૮) ગાય : સ્તનધારી :: સાપ : ?

(A) ચોપગ (B) ઉભયચર

(C) સરિસૃપ (D) [illegible]

→ જેવી રીતે ગાય સ્તનધારીમાં આવે તેમ સાપ [સરિસૃપ] વર્ગમાં આવે.

(૨૯) રશિયા : મોસ્કો :: ઇટલી : ?

(A) એથેન્સ (B) વિયેના

(C) [illegible] (D) રોમ

→ જેવી રીતે રશિયાનું પાટનગર મોસ્કો છે તેવી રીતે ઇટલીનું પાટનગર [રોમ] છે.

(૩૦) ઇરાક : દિનાર :: બાંગ્લાદેશ : ?

(A) રિયાલ (B) રૂપિયો

(C) ટકા (D) લીરા

→ દિનાર એ ઇરાકનું નાણું છે તે જ રીતે [ટકા] એ બાંગ્લાદેશનું નાણું છે.

(૩૧) ઉત્પ્રેક્ષા : અલંકાર :: સવૈયા : ?

(A) અવાયુ (B) નાયક

(C) છંદ (D) રૂપક

→ ઉત્પ્રેક્ષા એ અલંકારનો પ્રકાર છે તેવી રીતે સવૈયા છંદનો પ્રકાર છે.

(૩૨) સુધા : અમૃત :: નિશા : ?

(A) દિવસ (B) તૃપ્તિ

(C) માનસી (D) રાત્રિ

→ નિશાનો સમાનાર્થી [રાત્રિ] છે.

(૩૩) મકાન : દિવાલ :: દેશ : ?

(A) સરહદ (B) રાજ્ય

(C) સમુદ્ર (D) સૈન્ય

→ મકાનને દિવાલ હોય તેમ દેશને [સરહદ] હોય

11. પાસા


⊙ Standard Dice:

→ પાસા ઉપર 1 થી 6 અંક લખેલા હોય છે.

→ Standard Dice માં બાજુ-બાજુમાં લખેલ અંકનો સરવાળો 7 થતો નથી.

→ Standard Dice માં સામ-સામેની બાજુઓ પર લખેલ અંકનો સરવાળો 7 થાય છે.

ઉદા.



→ $4+5 \neq 7$
$5+6 \neq 7$
$6+4 \neq 7$
માટે આ Standard Dice કહેવાય.

→ Standard Dice માં સામ-સામેની બાજુ પર લખેલ અંકનો સરવાળો 7 થાય.


4 —(+3)→ 7   4 ⟷ 3
6 —(+1)→ 7   6 ⟷ 1
5 —(+2)→ 7   5 ⟷ 2

⊙ Unstandard Dice:

→ જે પાસામાં બાજુ-બાજુમાં લખેલ અંકનો સરવાળો 7 થાય તો તે Unstandard Dice કહેવાય.

→ આ પૈકી કોઈ અંકનો સરવાળો પણ 7 થાય તો તે Unstandard Dice કહેવાય.

ઉદા.




→ $4+3 = 7 = 7$
$3+5 = 8 \neq 7$
$5+4 = 9 \neq 7$
Unstandard Dice કહેવાય.

→ 3 ની સામે 4 અને 5 સિવાયના અંક પૈકી કોઈ પણ અંક આવી શકે.

→ 3 ની સામે 1, 2 અથવા 6
→ 4 ની સામે 1, 2 અથવા 6
→ 5 ની સામે 1, 2 અથવા 6

(1)




નીચેનામાંથી શું સાચું છે.

(A) 2 ની સામે 4 આવે.
(B) 3 ની સામે 6 આવે
(C) 1 ની સામે 5 આવે.
(D) આપેલ તમામ

→ આકૃતિ પરથી વિરુદ્ધ બાજુઓ નક્કી કરવી પડે.

1 ⟷ 5
3 ⟷ 6
2 ⟷ 4

∴ **(D) આપેલ તમામ**


② 

આનો ઘન બનાવીએ તો 4ની સામે શું આવે?


(A) 1 (B) 5 (C) 2 (D) 6


→ આકૃતિ પરથી 2 ⟷ 4
3 ⟷ 5
1 ⟷ 6


→ 4ની સામે 2 આવે.

③ 

આકૃતિ પરથી ક્યો ઘન શક્ય બને?

(A) 

(B) 

(C) 

(D) 

→ આકૃતિ પરથી 2 ⟷ 4, 1 ⟷ 6, 5 ⟷ 3 સામ-સામે આવે.


(A) 6 ⟷ 1 સામ-સામે આવે છે. જે બાજુ-બાજુમાં શક્ય નથી


(B) 5 ⟷ 3 સામ-સામે આવે છે જે બાજુ-બાજુમાં શક્ય નથી.


(C) 2 ⟷ 4 સામ-સામે આવે છે જે બાજુ-બાજુમાં શક્ય નથી

(D) અહીં કોઈ વિરુદ્ધ બાજુની જોડ બાજુ-બાજુમાં નથી. માટે આ ઘન શક્ય છે

④ આપેલ પાસાની જુદી જુદી આકૃતિ પરથી 3ની સામેની બાજુ શોધો.


(a)


(b)


(c)

(A) 1 (B) 4 (C) 5 (D) 6

→ આકૃતિ (a) અને (b) માં 1 અને 3 સમાન છે.
→ આકૃતિ (a) અને (c) માં 2 અને 3 સમાન છે.
2 ⟷ 5
1 ⟷ 4
3 ⟷ 6

⑤ આકૃતિ પરથી નક્કી કરો 4ની સામે ક્યો અંક આવશે?
(a) (b)


(A) 1 (B) 2 (C) 3 (D) 5


→ આકૃતિ (a) અને (b) માં જે સમાન અંક હોય ત્યાંથી શરૂ કરી ઘડિયાળના કાંટાની દિશામાં ચાલવું. 5 સમાન


→ આકૃતિ : (a) 5 3 2
આકૃતિ : (b) 1 4 6


→ 5 ⟷ 1 3 ⟷ 4 2 ⟷ 6

⑥


(a)


(b)


(c)


(d)

→ આકૃતિ પરથી 3 ની સામે ક્યો અંક આવશે.

(A) (B) (C) (D)

→ આકૃતિ (a) અને (b) માં 2 સમાન છે

આકૃતિ : (a) 2 6 3
આકૃતિ : (b) 1 5 4

1 ⟷ 2 6 ⟷ 5 3 ⟷ 4

માત્ર એક જ અંક સમાન હોય ત્યારે જ ...

12. BODMAS

→ આ પ્રકરણ ગણિત તથા તાર્કિકનો સંયુક્ત પ્રકાર ગણાય. ગણિતમાં આપણને direct જે સમીકરણ આપેલું હોય તે solve કરવાનું હોય છે જ્યારે તાર્કિકમાં પૂછાય તો આપેલ સૂચના પ્રમાણે "નિશાની પરિવર્તન" કરીને ગણવો જોઈએ.

① જો × → ÷, − → ×, ÷ → + અને + → − હોય. તો

(3 − 15 ÷ 19) × 8 + 6 = ?

(A) -1 (B) 2 (C) 4 (D) 8

→ (3 − 15 ÷ 19) × 8 + 6

↓ નિશાની પરિવર્તન કરતાં

(3 × 15 + 19) ÷ 8 − 6

→ પહેલા ( ) નું આદુ રૂપ આપવું.

→ (45 + 19) ÷ 8 − 6

→ 64 ÷ 8 − 6 [∵ પહેલા ભાગાકાર]

→ 8 − 6

→ [2]

યાદ રાખો: BODMAS
- B → Bracket solving
- O → of
- D → Division
- M → Multiplication
- A → Addition
- S → Substraction

→ પહેલાં કૌંસ, ભાગાકાર → ગુણાકાર → સરવાળો ← બાદબાકી

આ ક્રમને અનુસરવું.

② + → −, − → ÷, ÷ → × અને × → + હોય. તો

125 − 5 × 10 ÷ 13 + 28 = ?

(A) 129 (B) 127 (C) 145.15 (D) 150

→ નિશાની પરિવર્તન

125 ÷ 5 + 10 × 13 − 28

→ 25 + 10 × 13 − 28

→ 25 + 130 − 28

→ 155 − 28

→ [127]

③ જો L → +, M → −, N → ×, P → ÷ તો

14 N 10 L 42 P 2 M 8 = ?

(A) 153 (B) 216 (C) 248 (D) 251

14 N 10 L 42 P 2 M 8

↓ નિશાની બદલતાં

14 × 10 + 42 ÷ 2 − 8

→ 14 × 10 + 21 − 8

→ 140 + 21 − 8

→ 161 − 8

→ [153]

④ < → −, > → +, = → ×, $ → ÷ તો. 27 > 81 $ 9 < 6 = ?

(A) 6 (B) 33 (C) 36 (D) 54

→ 27 + 81 ÷ 9 − 6

→ 27 + 9 − 6

→ 36 − 6

→ [30]

(5) જો when → ×, you → ÷, come → − અને will → +, તો

8 when 12 will 16 you 2 come 10 = ?

(A) 45 (B) 94 (C) 96 (D) 112

→ 8 × 12 + 16 ÷ 2 − 10
→ 8 × 12 + 8 − 10
→ 96 + 8 − 10
→ 104 − 10
→ **94**

(6) P → ÷, R → ×, T → + અને W → − હોય. તો

64 T 48 P 8 W 6 R 9

(A) 12 (B) $61\frac{1}{23}$ (C) $-40\frac{1}{2}$ (D) 16

→ 64 + 48 ÷ 8 − 6 × 9
→ 64 + 6 − 6 × 9
→ 64 + 6 − 54
→ 70 − 54
→ **16**

(7) + → −, − → ×, × → ÷ અને ÷ → + તો,

40 ÷ 360 × 24 − 4 + 18 = ?

(A) 118 (B) 82 (C) 72 (D) 90

→ 40 + 360 ÷ 24 × 4 − 18
→ 40 + 15 × 4 − 18
→ 40 + 60 − 18
→ 100 − 18
→ **82**

(8) × → +, + → ÷, − → × અને ÷ → − હોય તો,

8 × 7 − 8 + 40 ÷ 2 = ?

(A) 1 (B) $7\frac{2}{5}$ (C) $8\frac{3}{5}$ (D) 44

→ 8 + 7 × 8 ÷ 40 − 2
→ $8 + 7 \times \frac{1}{5} - 2$
→ $8 + \frac{7}{5} - 2$
→ $\frac{47}{5} - 2$
→ $\frac{47 - 10}{5}$
→ $\frac{37}{5}$
→ $7\frac{2}{5}$

(9) + → −, × → ÷, ÷ → +, − → × હોય, તો 252 × 9 − 5 + 32 ÷ 92 = ?

(A) 95 (B) 168 (C) 192 (D) 200

→ 252 ÷ 9 × 5 − 32 + 92
→ 28 × 5 − 32 + 92
→ 140 − 32 + 92 → અહિંયા ખાસ ધ્યાન રાખવું. 32 + 92 ના કરવું.
→ 232 − 32
= **200**

(10) P → ÷, T → +, M → −, D → × તો 12 M 12 D 28 P 7 T 15 = ?

(A) −30 (B) −15 (C) −21 (D) 15

→ 12 − 12 × 28 ÷ 7 + 15
→ 12 − 12 × 4 + 15
→ 12 − 48 + 15
→ 27 − 48
→ **−21**

(11) $ → +, ≠ → −, @ → × અને * → ÷ હોય, તો

16 $ 4 @ 5 ≠ ૭૨ * 8 = ?

(A) ૨5 (B) ૨૭ (C) ૨૯ (D) 36

16 + 4 × 5 − ૭૨ ÷ 8

→ 16 + 4 × 5 − 9

→ 16 + ૨0 − 9

→ 36 − 9

→ **૨૭**

(12) Q → +, J → ×, T → −, K → ÷ હોય, તો

30 K ૨ Q 3 J 6 T 5 = ?

(A) 18 (B) ૨8 (C) 31 (D) 103

30 ÷ ૨ + 3 × 6 − 5

→ 15 + 3 × 6 − 5

→ 15 + 18 − 5

→ 33 − 5

→ **૨8**

(13) જો A એટલે −, B એટલે ÷, C એટલે + અને D એટલે × તો

15 B 3 C ૨4 A 1૨ D ૨ = ?

(A) ૨4 (B) ૨9 (C) 5 (D) 6

→ 15 ÷ 3 + ૨4 − 1૨ × ૨

→ 5 + ૨4 − 1૨ × ૨

→ 5 + ૨4 − ૨4

→ ૨9 − ૨4

→ **5**

(14) જો + બરાબર ×, − બરાબર ÷, ÷ બરાબર + અને × બરાબર − હોય, તો ૨0 ÷ 40 − 4 × 5 + 6

(A) 10 (B) ૨0 (C) 30 (D) 0

→ ૨0 + 40 ÷ 4 − 5 × 6

→ ૨0 + 10 − 5 × 6

→ ૨0 + 10 − 30

→ 30 − 30

→ **0**

(15) જો + → ÷, − એટલે +, ÷ એટલે ×, અને × એટલે − હોય, તો

૨ − 40 + 10 − 6 × 8

(A) 8 (B) 4 (C) ૨ (D) 6

૨ − 40 + 10 − 6 × 8

→ ૨ + 40 ÷ 10 + 6 − 8

→ ૨ + 4 + 6 − 8

→ 12 − 8

→ **4**

(16) જો + = ×, × = ÷, ÷ = − અને − = + હોય, તો

(૨૨ × ૨ ÷ 4 − 5) + 8

(A) 44 (B) 96 (C) 16 (D) એક પણ નહિ

(૨૨ × ૨ ÷ 4 − 5) + 8

→ (૨૨ ÷ ૨ − 4 + 5) × 8

→ (11 − 4 + 5) × 8

→ (16 − 4) × 8

→ 12 × 8

→ **96**

(17) જો ÷ → ×, × → −, + → ÷ હોય, તો

15 ÷ 3 + 5 × 4 = ?

(A) 6 (B) 4 (C) 5 (D) 9

15 ÷ 3 + 5 × 4

→ 15 × 3 ÷ 5 − 4

→ $\frac{15 \times 3}{5} - 4$

→ 9 − 4

→ **5**

(18) 10 ÷ 10 ÷ 10 ÷ 10 = ?

(A) 1 (B) 0 (C) 10^{-2} (D) એક પણ નહિ

→ આવા સમીકરણને સોલ્વ કરવા માટે ડાબી બાજુથી ગણતરી કરવી.

10 ÷ 10 ÷ 10 ÷ 10

→ $\frac{10}{10} \times \frac{1}{10} \times \frac{1}{10}$

→ $1 \times \frac{1}{100}$

→ 10^{-2}

(19) P → +, Q → −, R → × તથા S → ÷

8R8P6S8Q8 = ?

(A) 1 (B) 16 (C) [illegible] (D) 57

8R8P6S8Q8

= 8 × 8 + 8 ÷ 8 − 8

= 8 × 8 + 1 − 8

= 64 + 1 − 8

= 65 − 8

= **57**

(20) A → ×, B → ÷, C → +, D → −

21C3D6A8B2 = ?

(A) 0 (B) 28 (C) 16 (D) 12

→ 21 + 3 − 6 × 8 ÷ 2

→ 21 + 3 − 6 × 4

→ 21 + 3 − 24

→ 24 − 24

→ **0**

(21) ÷ → +, − → ÷, [illegible] → −, + → ×

$\frac{(36 \times 4) - 8 \times 4}{4 + 2 \times 8 + 16 \div 1} = ?$

(A) 32 (B) 0 (C) 12 (D) 16

$\frac{(36 \div 4) \div 8 - 4}{4 \times 8 - 2 \times 16 + 1}$

$\frac{4 - 4}{32 - 32 + 1}$

→ $\frac{0}{1}$

→ **0**

(22) × = −, + = ÷, − = × અને ÷ = +

તો 15 − 2 ÷ 900 + 90 × 100

(A) 100 (B) 60 (C) −60 (D) 120

→ 15 × 2 + 900 ÷ 90 − 100

→ 15 × 2 + 10 − 100

→ 30 + 10 − 100

→ **−60**

13. આંકડાઓની પર્યાપ્તતા

→ આ પ્રકારના પ્રશ્નો રીઝનિંગ તથા ગણિતના મોટા ભાગના ટોપીક સાંકળી લેતા હોય છે. દા.ત. શ્રેણી, કોડિંગ-ડીકોડિંગ, લોહીના સંબંધો, દિશા અને અંતર, ક્રમ કસોટી વગેરે.

→ આ પ્રકારનાં પ્રશ્નોમાં આપણે માત્ર પ્રશ્નનો જવાબ શોધવાનો નથી હોતો તે પણ જોવાનું વિશ્લેષણ કરવાનું હોય છે કે આપવામાં આવેલી માહિતી જવાબ આપવા માટે પર્યાપ્ત છે કે નહિ.

⊙ સૂચના: પ્રશ્ન: 1 અને 2 માટે.

⊙ સૂચના પ્રમાણે જવાબ આપો.

(A) જો માત્ર વિધાન 1 જવાબ આપવા પર્યાપ્ત હોય પરંતુ વિધાન 2 જવાબ આપવા પર્યાપ્ત ન હોય.

(B) જો માત્ર વિધાન 2 જવાબ આપવા પર્યાપ્ત હોય પરંતુ વિધાન 1 જવાબ આપવા પર્યાપ્ત ન હોય.

(C) માત્ર કોઈ પણ એક વિધાન (પહેલું અથવા બીજું) જવાબ આપવા પર્યાપ્ત હોય.

(D) બંને વિધાન એક સાથે મળીને પણ જવાબ આપવા પર્યાપ્ત ન હોય.

(E) બંને વિધાન એક સાથે ભેગા મળીને જ જવાબ આપવા માટે પર્યાપ્ત હોય.

① P, Q, R, S અને T માંથી સૌથી વધુ માર્ક કોને મળ્યા?

વિધાન 1 → Q ને S કરતા વધુ માર્ક મળ્યા, પરંતુ R જેટલા કે વધુ ન મળ્યા.

વિધાન 2 → T ને R કરતાં વધુ માર્ક મળ્યા, પણ P જેટલા કે વધુ ન મળ્યા.

→ વિધાન-1 પરથી

R > Q > S

→ વિધાન-2 પરથી P > T > R

P > T > R > Q > S


→ P ને સૌથી વધુ ગુણ મળ્યા.

→ અહીં જવાબ આપવા માટે બંને વિધાનની જરૂર પડે છે. માટે વિકલ્પ [E] જવાબ થાય.

② પાંચ મિત્રો P, Q, R, S અને T એક લાઈનમાં પૂર્વ તરફ મુખ રાખીને ઉભા છે. કોણ સૌથી ડાબી બાજુએ છે?

વિધાન: 1: R એ T અને Q વચ્ચે છે.

વિધાન 2: S અને T વચ્ચે માત્ર P છે. R એ T થી તરત જ જમણી બાજુએ છે.

→ 

→ આ ગોઠવણી કરવામાં બંને વિધાનની જરૂર પડે છે.

માટે જવાબ [E]

③ P, Q, R, S અને T આ પાંચ મિત્રોને મળતા વેતનની દ્રષ્ટિએ ત્રીજા સ્થાને કોણ છે?

વિધાન 1: T નું વેતન P અને Q થી વધારે છે અને S થી વધારે નથી.

વિધાન 2: R નું વેતન આ બધામાં સૌથી ઓછું છે.

→ વિધાન I: S > T > P
T > Q

વિધાન II: Q > R

→ વિધાન I અને II પરથી ખ્યાલ આવે છે કે ત્રીજા સ્થાને P અથવા Q આવશે. આ બંનેમાંથી કોણ આવશે તે સ્પષ્ટ થતું નથી.

→ આમ, બંને વિધાનો જવાબ આપવા માટે પર્યાપ્ત નથી.

જવાબ: D

④ સાંકેતિક ભાષામાં "08" નો કોડ શું થાય?

વિધાન I: "nik Sa te" નો અર્થ ઝંગુટ 08 wrong, ક0 da nik નો અર્થ he is ઝંગુટ, fe te ક0 નો અર્થ that is wrong છે.

વિધાન 2: 'Pa nik la' નો અર્થ that ઝંગુટ man, Sa ne Pa નો અર્થ this 08 that, 'ne Ka ze' નો અર્થ 'tell this there'

વિધાન I પરથી

nik Sa te → ઝંગુટ 08 wrong
ક0 da nik → he is ઝંગુટ
fe te ક0 → that is wrong

wrong → te
ઝંગુટ → nik
08 → Sa

વિધાન II પરથી

Pa nik la → that ઝંગુટ man
Sa ne Pa → this 08 that
ne Ka ze → tell this there

that → Pa   Sa → 08
this → ne

→ વિધાન I પરથી જવાબ મળે છે. વિધાન II પરથી પણ જવાબ મળે છે.


→ વિધાન I અથવા વિધાન II પરથી જવાબ મળે છે. ∴ જવાબ C

⑤ "M" એ "N" નો ભાઈ છે તો "N" નો M સાથે શું સંબંધ છે.

વિધાન 1: P, M અને N ના પિતા છે.


વિધાન II: N, P ની દિકરીઓમાંની એક છે.

વિધાન 1 પરથી,



N નો લિંગ જ્ઞાત થતો નથી.

વિધાન 2 પરથી,



N સ્ત્રી છે માટે N એ M ની બહેન થાય.

→ વિધાન 1 પરથી જવાબ મળતો નથી પરંતુ વિધાન 2 પરથી જવાબ મળે છે.

જવાબ (B)

⑥ M, N, T, R અને D માંથી પ્રત્યેકની ઉંમર અલગ-અલગ છે. સૌથી નાનો કોણ છે?

વિધાન I: જેમાંથી N ફક્ત D થી નાનો છે.

વિધાન II: T, R થી મોટો છે અને M થી નાનો છે.

વિધાન I પરથી,

$D > N$

$M > T > R$

→ બંને વિધાનો પરથી

$D > N > M > T > R$

કારણ કે N એ D થી જ નાનો છે એનો અર્થ એવો થાય કે તે અન્ય કરતાં મોટો છે.

→ વિધાન I અને II પરથી જવાબ મળે છે.

→ જવાબ (E)

⑦ આ વર્ગમાં છોકરા અને છોકરીઓનું પ્રમાણ (ગુણોત્તર) શું છે?

વિધાન I: વર્ગમાં $\frac{1}{3}$ છોકરીઓ છે.

વિધાન II: વર્ગમાં કુલ સંખ્યા 60 છે.

વિધાન I: છોકરીઓ $\frac{1}{3}$

છોકરાઓ $1 - \frac{1}{3} = \frac{2}{3}$

$\frac{\text{છોકરા}}{\text{છોકરી}} = \frac{2/3}{1/3} = 2:1$

વિધાન II પરથી સંખ્યા 60 છે. ગુણોત્તર મળે નહીં.

→ વિધાન I પરથી જવાબ મળે છે જ્યારે વિધાન II પરથી જવાબ મળતો નથી.

→ જવાબ (A)

⑧ M, N અને O ની ઉંમરનો સરવાળો 80 વર્ષ છે. N ની ઉંમર શું છે?

I. N, M થી 10 વર્ષ મોટો છે.

II. O ની ઉંમર 30 વર્ષ છે.

વિધાન-I તથા પ્રશ્ન પરથી

$M+N+O = 80$

$M+M+10+O = 80$

$2M + O = 80-10$

$2M = 70-O$

→ N ની ઉંમર મળે નહિ.

વિધાન-II પરથી

$M+N+O = 80$

$M+N = 80-30$

$M+N = 50$

→ N ની ઉંમર મળે નહિ.

→ વિધાન I અને II પરથી

$M+N = 50$

$2M = 70-O$

$2M = 70-30$

$2M = 40 \Rightarrow M = 20$

→ $20+N = 50$ $N = 30$

→ બંને વિધાનોની મદદથી N ની ઉંમર મળે.

→ જવાબ (E)

⑨ વર્ગમાં ઉપરથી સુનિતાનો ક્રમાંક કયો છે?

વિધાન I: 42 વિદ્યાર્થીઓમાં સુનિતાનો નીચેથી ક્રમાંક 29મો છે.

વિધાન II: સુનિતા, સમીરથી 10 ક્રમાંક નીચે છે.

વિધાન I પરથી, ઉપરથી સુનિતાનો ક્રમાંક

$42 - 29 = 13$

$+1$

14 મો ક્રમાંક

વિધાન II પરથી મેળવી શકાય નહિ.

જવાબ [A]


14. માહિતીનું અર્થઘટન

→ આ પ્રકારના પ્રશ્નો સામાન્ય રીતે 3-5 માર્કમાં પરીક્ષામાં પૂછવામાં આવતા હોય છે. આ પ્રકારના પ્રશ્નોમાં તમને અલગ અલગ રીતે માહિતી આપેલી હોય છે. તે માહિતીમાંથી પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે. સામાન્ય રીતે આ પ્રકારના પ્રશ્નો પૂછવાનો હેતુ વિદ્યાર્થીઓની ગણતરી સંબંધિત ક્ષમતા ચકાસવાનો હોય છે.

→ માહિતી ચાર પ્રકારે હોઈ શકે.

① ટેબલ સ્વરૂપે
② બાર-ગ્રાફ સ્વરૂપે
③ પાઈ-ચાર્ટ સ્વરૂપે
④ લાઈન ચાર્ટ સ્વરૂપે.

① નીચે આપેલા ગ્રાફનો અભ્યાસ કરો અને નીચેના પ્રશ્નોના જવાબ આપો.



(a) સંસ્થા A, C, E ના પરીક્ષા આપેલ ઉમેદવારોને અને સંસ્થા B, D, E ના પાસ થયેલ ઉમેદવારોનો ગુણોત્તર જણાવો.

(A) 25 : 8 (B) 6 : 11 (C) 32 : 7 (D) 25 : 32

→ સંસ્થા A → 1600
C → 1400
E → 2000
5000 કુલ ઉમેદવારો.

→ સંસ્થા B ના પાસ ઉમેદવારો = 2000
D ના પાસ ઉમેદવારો = 2600
E ના પાસ ઉમેદવારો = 1800
6400

→ ગુણોત્તર $= \frac{5000}{6400}$

$= \frac{50}{64}$

$= \frac{25}{32}$ **25 : 32**

(b) દરેક સંસ્થાઓના પાસ ઉમેદવારોની સરેરાશ કેટલી?

(A) 1680 (B) 1500 (C) 1200 (D) 1800

→ સરેરાશ $= \frac{(12+20+8+26+18)\times100}{5}$

$= \frac{84\times100}{5}$

$= 84\times20$

$=$ **1680**

(c) સંસ્થા B ના નાપાસ ઉમેદવારો અને સંસ્થા E ના પરીક્ષા આપેલ ઉમેદવારોનો ગુણોત્તર કેટલો?

(A) 3 : 7 (B) 1 : 3 (C) 1 : 5 (D) 3 : 4

→ ગુણોત્તર $= \frac{24-20}{20} = \frac{4}{20} = \frac{1}{5}$

1 : 5

ⓓ કઈ સંસ્થાના પરીક્ષા આપેલ અને પાસ થયેલ ઉમેદવારોનો તફાવત મહત્તમ છે?
(A) D (B) A (C) B (D) C (E) E

A	B	C	D	E
16	24	14	34	20
−12	−20	−8	−26	−18
4	4	6	8 ← મહત્તમ તફાવત	

→ જવાબ (A) સંસ્થા (D)

• જુદા વર્ષ દરમિયાન 5 યુનિટ દ્વારા બનાવવામાં આવેલા ઉત્પાદનો અને ખામીયુક્ત ઉત્પાદનોની સંખ્યા હજારમાં નીચે પ્રમાણે છે.

યુનિટ → વર્ષ ↓	1 M	1 D	2 M	2 D	3 M	3 D	4 M	4 D	5 M	5 D
2001	63	[illegible]	55	7	86	28	66	11	56	8
2002	59	08	42	10	55	14	73	14	46	11
2003	60	08	58	8	65	6	78	20	44	5
2004	75	10	78	5	67	10	64	9	58	3
2005	60	21	82	3	92	12	56	17	68	10
2006	54	05	66	12	48	22	[illegible]	5	70	11

ⓐ યુનિટ-2 દ્વારા બનાવવામાં આવેલા અને યુનિટ-5 દ્વારા બનાવવામાં આવેલા ઉત્પાદનોનો ગુણોત્તર જણાવો.
(A) 127 : 114 (B) 121 : 117
(C) 99 : 83 (D) 111 : 109

→ યુનિટ : 2 દ્વારા બનાવવામાં આવેલા ઉત્પાદનો = 55+42+58+78+82+66
= 381

→ યુનિટ : 5 દ્વારા બનાવવામાં આવેલા ઉત્પાદનો = 56+46+44+58+68+70
= 342

ગુણોત્તર = $\frac{381}{342} = \frac{127}{114}$

ⓑ યુનિટ-4ની તમામ વર્ષની ખામીયુક્ત ઉત્પાદનોની સરેરાશ શોધો.
(A) 11233 (B) 11667
(B) 12667 (D) 10333

→ સરેરાશ = $\frac{1000 \times (11+14+20+9+17+5)}{6}$

$= \frac{1000 \times 76}{6}$

= 12666.66

= **12667**


ⓒ યુનિટ-3 દ્વારા બનાવવામાં આવેલા અને ખામીયુક્ત ઉત્પાદનનો તમામ વર્ષનો ગુણોત્તર કેટલો?
(A) 92 : 413 (B) 413 : 92 (C) 4 : 5 (D) 5 : 4

યુનિટ-3 = $\frac{86+55+65+67+92+48}{28+14+6+10+12+22}$

$= \frac{413}{92}$ **413 : 92**

③ આપેલ પાઈ-ચાર્ટમાં એક પરિવારનો વર્ષ 2013માં કરેલ ઘરેલું ખર્ચ દર્શાવે છે. જો પરિવારને વર્ષ 2013 નો કુલ ખર્ચ ૨.5 લાખ હોય તો શિક્ષણ અને છૂટક ખર્ચ [પરચૂરણ] ખર્ચ કુલ કેટલો થયો હોય?

(A) 135000 (B) 72500
(C) 62500 (D) 97.500



→ શિક્ષણ + પરચૂરણ ખર્ચ
= 10% + 15% = 25%

→ ૨,50,000 ના 25% [ચોથો ભાગ]

$2{,}50{,}000 \times \frac{25}{100}$

= 62,500

→ આમ, શિક્ષણ અને પરચૂરણ ખર્ચ રૂ. 62,500 થાય

④ આપેલ ટેબલ અલગ અલગ શહેરમાં MBA તથા MCA માં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવે છે. આ કોષ્ટકનો ઉપયોગ કરી બધા જ શહેરોમાં MCA નો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓની સરેરાશ શોધો.

Course / City	M.B.A	M.C.A.
અમદાવાદ	1234	1384
બેંગ્લોર	1156	1783
ભોપાલ	1187	1347
ચેન્નાઈ	1342	1470
નવી દિલ્હી	1230	1098
હૈદરાબાદ	1456	1234
કોલકત્તા	1239	1785

(A) 1765 (B) 1263 (C) 1443 (D) 1503

→ MCA કરનાર વિદ્યાર્થીઓની

$$\text{સરેરાશ} = \frac{\text{સરવાળો}}{\text{સંખ્યા (શહેર)}}$$


$$= \frac{1384+1783+1347+1470+1098+1234+1785}{7}$$

$$= \frac{10{,}101}{7}$$


= 1443

⑤ આપેલ π- ચાર્ટનો ઉપયોગ કરી, અભ્યાસ કરીને માંગેલા પ્રશ્નોના જવાબ આપો.

① 2008ની વસતિ : 25 લાખ



① 2009ની વસતિ : 28 લાખ



ⓐ 2008માં તમિલનાડુની વસતિનો અને 2009માં મહારાષ્ટ્રની વસતિનો ગુણોત્તર કેટલો થાય?

(A) 25 : 28 (B) 25 : 23 (C) 23 : 25

(D) 28 : 25

→ 2008માં T.N.ની વસતિ

$= \frac{25,00000 \times 12}{100} = 3,00,000$

→ 2009માં મહારાષ્ટ્રની વસતિ

$= \frac{28,00000 \times 12}{100}$

$= 3,36,000$

ગુણોત્તર $= \frac{3,00000}{3,36,000} = \frac{300}{336} = \frac{25}{28}$

25 : 28

ⓑ વર્ષ 2009માં મહારાષ્ટ્ર અને કર્ણાટકની વસતિમાં તફાવત કેટલો?

(A) 74,000 (B) 94,000
(C) 84,000 (D) 10,4,000

→ તફાવત = 15% − 12%
= 3%

$\frac{28,00000 \times 3}{100} =$ **84,000**

ⓒ ઉત્તરપ્રદેશની 2008 અને 2009ની કુલ વસતિ કેટલી?

(A) 864000 (B) 836000
(C) 828000 (D) 892000

→ કુલ વસતિ = 25 લાખના 20% + 28 લાખના 12%

= 5 લાખ + 3,36,000

= **8,36,000**

ⓓ 2009ની કર્ણાટક અને કેરળની વસતિનો તફાવત કેટલો?

(A) 1,50,000 (B) 1,40,000 (C) 1 લાખ (D) 1,48,000

→ 15% − 10% = 5%

$\frac{28,00000 \times 5}{100} =$ **140000**

15. સુરેખ સમીકરણ

⊙ દ્વિચલ સુરેખ સમીકરણ

→ પ્રમાણિત સ્વરૂપ : $ax+by+c=0$

$a\neq0,\ b\neq0$

→ બે સુરેખ સમીકરણો :

$a_1x+b_1y+c_1=0$

$a_2x+b_2y+c_2=0$

(i) જો $\frac{a_1}{a_2}\neq\frac{b_1}{b_2}$ હોય, તો એક માત્ર ઉકેલ મળે [અનન્ય]

(ii) જો $\frac{a_1}{a_2}=\frac{b_1}{b_2}$ અને $\frac{b_1}{b_2}\neq\frac{c_1}{c_2}$ અથવા $\frac{c_1}{c_2}\neq\frac{a_1}{a_2}$ તો

ઉકેલ ન મળે.

ઉકેલ ગણ : ખાલીગણ ϕ [ ]

(iii) જો $\frac{a_1}{a_2}=\frac{b_1}{b_2}=\frac{c_1}{c_2}$ તો ઉકેલગણ અનંતગણ મળે.

① સમીકરણ યુગ્મ $x-3y=1$ અને $3x+y=3$ નો ઉકેલગણ ___ છે.

(A) {(0, 1)} (B) {(1, 1)} (C) {(1, 0)} (D) {($\frac{1}{3}$, 0)}

→ $x-3y=1$ ને 3 વડે ગુણતાં

$3x-9y=3$

$-\ 3x+y=3$

$0-10y=0$

$y=0 \Rightarrow x-3y=1$

$x-3\times0=1$

$x=1$

$(x, y)\Rightarrow$ {(1, 0)}

② સમીકરણ યુગ્મ $2x+y=6$ અને $4x+2y=5$ નો ઉકેલગણ ___ છે.

(A) $2x+y=6$ (B) $2x+y=0$

(C) ϕ (D) અનંતગણ

→ $2x+y=6$ ને 2 વડે ગુણતાં

$4x+2y=12$

$4x+2y=5$

અહીં $\frac{a_1}{a_2}=\frac{b_1}{b_2}\neq\frac{c_1}{c_2}$ હોવાથી

ખાલીગણ ϕ

③ $2x+3y=7$ અને $3x+2y=3$ હોય, તો $x-y=$ ___

(A) 4 (B) −4 (C) 2 (D) −2

→ $2x+3y=7$ ને 3 વડે ગુણતાં

$3x+2y=3$ ને 2 વડે ગુણતાં

$6x+9y=21$

$-\ 6x+4y=6$

$5y=15$

$y=3$

→ $y=3$ ની કિંમત $2x+3y=7$ માં મૂકતાં

$2x+3(3)=7$

$2x+9=7$

$2x=7-9$

$2x=-2$

$x=-1$

→ $x-y=-1-3=$ **−4**

(4) $ax+2y=7$ અને $2x+3y=8$ ને અનન્ય ઉકેલ હોય તો $a \neq$ ___

(A) $\frac{3}{4}$ (B) $-\frac{3}{4}$ (C) $\frac{4}{3}$ (D) $-\frac{4}{3}$

→ અનન્ય ઉકેલ માટેની

શરત : $\frac{a_1}{a_2} \neq \frac{b_1}{b_2}$

$\Rightarrow \frac{a}{2} \neq \frac{2}{3}$

$\Rightarrow \boxed{a \neq \frac{4}{3}}$

(5) બે સંખ્યાઓનો સરવાળો 10 અને ધનતફાવત 2 છે. તે પૈકી મોટી સંખ્યા ___ છે.

(A) 2 (B) 4 (C) 6 (D) 8

ધારો કે બે સંખ્યા x અને y છે.

$x+y=10$

$+\ x-y=2$

$2x=12$

$x=6$

→ $x+y=10 \Rightarrow 6+y=10$

$y=4$

→ મોટી સંખ્યા $\boxed{6}$

(6) સમીકરણ $\frac{x}{2}-\frac{y}{3}=1$ ને પ્રમાણિત સ્વરૂપે ___ લખી શકાય.

(A) $2x-3y-6=0$ (B) $3x-2y-6=0$

(C) $3x-2y=1$ (D) $2x-3y=3$

→ $\frac{x}{2}-\frac{y}{3}=1$ તો $3x-2y=6$

∴ $\boxed{3x-2y-6=0}$

⊙ દ્વિઘાત સમીકરણ:

→ દ્વિઘાત સમીકરણનું વ્યાપક સ્વરૂપ

$ax^2+bx+c=0$ $a\neq 0,\ b\neq 0$

(i) વિવેચક $\Delta = b^2-4ac$

(ii) જો $D=0$ તો બીજ (ઉકેલ) વાસ્તવિક અને સમાન થાય.

(iii) જો $D>0$ તો ઉકેલ વાસ્તવિક અને ભિન્ન મળે

(iv) જો $D<0$ તો ઉકેલ વાસ્તવિક ન મળે

(7) સમીકરણ $x^2-3x+2=0$ નો એક ઉકેલ ___ છે.

(A) -3 (B) 1 (C) 3 (D) -2

→ $x^2-3x+2=0$

$x^2-2x-x+2=0$

$x(x-2)-1(x-2)=0$

$(x-1)(x-2)=0$

$x-1=0$ અથવા $x-2=0$

$x=1$ અથવા $x=2$

→ option માં જોતા $\boxed{x=1}$

(8) સમીકરણ $5x^2-6x+1=0$ નો વિવેચક ___ છે.

(A) 16 (B) $\sqrt{56}$ (C) 4 (D) 56

→ $\Delta = b^2-4ac$ $5x^2-6x+1=0$

$ax^2+bx+c=0$

$=(-6)^2-4(5)(1)$

$=36-20$

$\boxed{\Delta=16}$

(9) સમીકરણ $x^2-4x+k=0$ નું એક બીજ 2 હોય તો $k=$
(A) -2 (B) 2 (C) -4 (D) 4

→ $x^2-4x+k=0$ માં $x=2$ મૂકતા

$x^2-4x+k=0$

$(2)^2-4(2)+k=0$

$4-8+k=0$

$-4+k=0$

$\boxed{k=4}$

(10) જો ____ હોય તો સમીકરણના બીજ સમાન થાય.
(A) $D<0$ (B) $D>0$ (C) $D=0$
(D) D શૂન્ય સિવાયની પૂર્ણવર્ગ સંખ્યા છે.

→ $\boxed{D=0}$

(11) સમીકરણ ____ નો એક ઉકેલ 3 છે.
(A) $x^2-x-6=0$ (B) $x^2+x-6=0$
(C) $x^2-x+6=0$ (D) $x^2+x+6=0$

→ $x=3$ બધા સમીકરણમાં મૂકવા

$x^2-x-6 = (3)^2-3-6$

$= 9-3-6$

$= 9-6$

$= 0$

આમ, $x^2-x-6=0$ એ $x=3$ માટે સાચું છે.

$\boxed{x^2-x-6=0}$

(12) સમીકરણ $x+\frac{2}{x}=3$ ના બીજ ___ છે.
(A) 2 અને 1 (B) -2 અને 2
(C) 2 અને -1 (D) -2 અને 1

→ $x+\frac{2}{x}=3$

→ $x^2+2=3x$

→ $x^2-3x+2=0$

→ $x^2-2x-x+2=0$

→ $x(x-2)-1(x-2)=0$

→ $(x-2)(x-1)=0$

→ $x-2=0$ અથવા $x-1=0$

$\boxed{x=2}$ અથવા $\boxed{x=1}$

(13) $16x^2+40x+k$ પૂર્ણવર્ગ બહુપદી માટે $k=$ ____
(A) 10 (B) 15 (C) 20 (D) 25

તૃતીયપદ $= \frac{(મધ્યમપદ)^2}{4 \times પ્રથમપદ}$

$= \frac{(40x)^2}{4\times 16x^2} = \frac{1600x^2}{4\times 16x^2}$

$= \boxed{25}$

(14) સમીકરણ $x^2=49$ ના બીજ ___ છે.
(A) 7 (B) -7 (C) 7 અને -7
(D) એક પણ નહિ.

→ $x^2-49=0$

$(x-7)(x+7)=0$

$x-7=0$ અને $x+7=0$

$x=7$ અને $x=-7$

→ $\boxed{x = 7 \text{ અને } -7}$

→ Note: $\frac{1+\sqrt{5}}{2}$ ને સુવર્ણ સંખ્યા Golden number કહે છે.

16. બીજગણિતનો પરિચય

- $(a+b)^2 = a^2+2ab+b^2$
  $= (a-b)^2+4ab$
- $(a-b)^2 = a^2-2ab+b^2$
  $= (a+b)^2-4ab$
- $(a+b)^2+(a-b)^2 = 2(a^2+b^2)$
- $(a+b)^2-(a-b)^2 = 4ab$
- $(a+b)^3 = a^3+3a^2b+3ab^2+b^3$
  $= a^3+b^3+3ab(a+b)$
- $(a-b)^3 = a^3-3a^2b+3ab^2-b^3$
  $= a^3-b^3-3ab(a-b)$
- $(a+b)^3+(a-b)^3 = 2(a^3+3ab^2)$
  $= 2a(a^2+3b^2)$
- $(a+b)^3-(a-b)^3 = 3a^2b+2b^3$
  $= 2b(3a^2+b^2)$
- $a^2-b^2 = (a+b)(a-b)$
- $a^3+b^3 = (a+b)(a^2-ab+b^2)$
- $a^3-b^3 = (a-b)(a^2+ab+b^2)$
- $a^4-b^4 = (a^2-b^2)(a^2+b^2)$
- $x^2+(a+b)x+ab = (x+a)(x+b)$
- $x^2-(a+b)x+ab = (x-a)(x-b)$

⊙ જો $x+\frac{1}{x} = a$ હોય, તો $x^2+\frac{1}{x^2} = a^2-2$

⊙ જો $x+\frac{1}{x} = a$ હોય, તો $x^3+\frac{1}{x^3} = a^3-3a$

⊙ જો $x+\frac{1}{x} = a$ હોય, તો $x^4+\frac{1}{x^4} = a^4-4a^2+2$

⊙ જો $x-\frac{1}{x} = a$ હોય, તો $x^2+\frac{1}{x^2} = a^2+2$

⊙ જો $x-\frac{1}{x} = a$ હોય, તો $x^3-\frac{1}{x^3} = a^3+3a$

⊙ જો $x-\frac{1}{x} = a$ હોય, તો $x^4+\frac{1}{x^4} = a^4+4a^2+2$

⊙ જો $x+\frac{1}{x} = 1$ હોય, તો $x^6 = -1$

⊙ જો $x^2+\frac{1}{x^2} = -1$ તો $x^6 = 1$

① $a^2+ab+b^2 = b^2+bc+c^2$, $a \neq b \neq c$ તો $a+b+c$નું મૂલ્ય શોધો.

(A) 0 (B) 1 (C) 2 (D) 3

$a^2+ab+b^2 = b^2+bc+c^2$

$\Rightarrow a^2+ab = bc+c^2$

$\Rightarrow a^2-c^2+ab-bc = 0$

$\Rightarrow (a-c)(a+c)+b(a-c) = 0$

$\Rightarrow (a-c)(a+c+b) = 0$

$\Rightarrow a \neq c \therefore$ $\boxed{a+c+b=0}$

② $x+\frac{1}{x} = 2$ હોય, તો $x^4+\frac{1}{x^4} = ?$

(A) 2 (B) 4 (C) 8 (D) 10

$\rightarrow x+\frac{1}{x} = 2$ હોય. $x^2+\frac{1}{x^2} = 2(2)-2$
$= 4-2 = 2$

↓

$x^4+\frac{1}{x^4} = 2(2)-2$
$= \boxed{2}$

③ $x+\frac{1}{x}=4$ તો $x^3+\frac{1}{x^3}=$?

(A) 48 (B) 50 (C) 52 (D) 54

→ $x+\frac{1}{x}=4 \Rightarrow x^3+\frac{1}{x^3}=(4)^3-3(4)$

$=64-12$

$=\boxed{52}$

④ જો $x^4+\frac{1}{x^4}=47$ તો $x+\frac{1}{x}=$?

(A) +3 (B) −3 (C) ±3 (D) એકપણ નહિ

$x^4+\frac{1}{x^4}=47$ તો $x^2+\frac{1}{x^2}=\sqrt{47+2}$

$=\sqrt{49}$

$=7$

$x^2+\frac{1}{x^2}=7$ તો $x+\frac{1}{x}=\sqrt{7+2}$

$=\sqrt{9}$

$=\pm 3$

$\boxed{(C)\pm 3}$

⑤ $x^4+\frac{1}{x^4}=14$ તો $x-\frac{1}{x}=$?

(A) $+\sqrt{2}$ (B) $-\sqrt{2}$ (C) $\pm\sqrt{2}$ (D) એકપણ નહિ

$x-\frac{1}{x}=a$ તો $a^4+4a^2+2=14$

→ $a^4+4a^2-12=0$

→ $(a^2+6)(a^2-2)=0$

→ $a^2=2$ ∴ $\boxed{a=\pm\sqrt{2}}$

⑥ જો $x+y+z=0$ તો $(x+y)(y+z)(z+x)=$?

(A) $-xyz$ (B) $x^2+y^2+z^2$

(C) $x^3+y^3+z^3+3xyz$ (D) xyz

∴ $x+y+z=0$

⇒ $x+y=-z$

$y+z=-x$

$x+z=-y$

→ $(x+y)(y+z)(z+x)=(-z)(-x)(-y)$

$=\boxed{-xyz}$

⑦ $(x-y)^3+(y-z)^3+(z-x)^3=$?

(A) $3xyz$ (B) $3(x+y)(y+z)(z+x)$

(C) $3(x-y)(y-z)(z-x)$ (D) 0

→ $(x-y)^3+(y-z)^3+(z-x)^3$

$x-y=a$ $y-z=b$ $c=z-x$

$a+b+c=x-y+y-z+z-x$

$=0$

∴ $a^3+b^3+c^3=3abc$

$=\boxed{3(x-y)(y-z)(z-x)}$

⑧ $(6x^3+60x^2+150x)$ અને $(3x^4+12x^3-15x^2)$ નો લ.સા.અ. શું થાય ?

(A) $6x^2(x+5)^2(x-1)$ (B) $3x^2(x+5)^2(x-1)$

(C) $6x^2(x+5)^2(x-1)^2$ (D) $3x^2(x+5)(x-1)$

→ $6x^3+60x^2+150x=6x(x^2+10x+25)$

$=3\times2\times x(x+5)^2$

→ $3x^4+12x^3-15x^2=3x^2(x^2+4x-5)$

$=3x^2(x^2+5x-x-5)$

$=(3x^2)(x+5)(x-1)$

∴ લ.સા.અ. $=\boxed{6x^2(x+5)^2(x-1)}$

⑨ (x^2+x-12) અને $2x^2-Kx-9$ નો ગુ.સા.અ. $(x-K)$ છે. તો K ની કિંમત શું થાય ?

(A) −3 (B) 3 (C) −4 (D) 4

→ x^2+x-12
$=(x+4)(x-3)$

$x-K$ એ $2x^2-Kx-9$ નો એક અવયવ છે.

$2k^2-k^2-9=0$

$k^2-9=0$

$k^2=9$

$k=\pm 3$

→ K ની કિંમત +3 કે −3 હોઈ શકે. પરંતુ x^2+x-12 ના બે અવયવ $(x+4)(x-3)$ છે. ∴

$\boxed{K=3}$

⑩ $(x^2+bx-x-b)$ અને $[x^2+x(a-1)-a]$ નો ગુ.સા.અ. શું થાય ?

(A) $x+b$ (B) $x+a$ (C) $x+1$ (D) $x-1$

→ $x^2+bx-x-b = x(x+b)-1(x+b)$
$=(x+b)(x-1)$

→ $x^2+x(a-1)-a = x^2+ax-x-a$
$=x(x+a)-1(x+a)$
$=(x+a)(x-1)$

ગુ.સા.અ. = $\boxed{x-1}$

⑪ જો $3x^3-2x^2y-13xy^2+10y^3$ ને $x-2y$ થી ભાગવામાં આવે તો શેષ શું વધે ?

(A) 0 (B) $y+5$ (C) $y+1$ (D) y^3+3

⇒ $3x^3-2x^2y-13xy^2+10y^3$

⇒ $3(2y)^3-2(2y)^2y-13(2y)y^2+10y^3$

⇒ $24y^3-8y^3-26y^3+10y^3$

⇒ $34y^3-34y^3$

$=\boxed{0}$

⑫ (x^3+5x^2+10K) ને x^2+2 થી ભાગવામાં આવે તો શેષ $-2x$ મળે છે. તો K ની કિંમત ?

(A) −2 (B) −1 (C) 1 (D) 2

⇒ x^3+5x^2+10K ને x^2+2 વડે ભાગીએ.

x^2+2) x^3+5x^2+10K ($x+5$
x^3+2x
$5x^2-2x+10K$
$5x^2+10$
$-2x+10K-10$

→ પરંતુ શેષ $-2x$ છે.

$-2x+10K-10=-2x$

⇒ $10K-10=0$

⇒ $\boxed{K=1}$

17. ભૂમિતિ

⊙ અવ્યાખ્યાયિત પદો :

→ ① બિંદુ

② રેખા

③ સમતલ

④ અવકાશ

એ ભૂમિતિના ચાર અવ્યાખ્યાયિત પદો છે.

• **અવકાશ :** અવકાશ એ સૌથી મોટો બિંદુઓનો ગણ છે. ભૂમિતિમાં અવકાશ એ સાર્વત્રિક ગણ છે. રેખા, સમતલ અને બિંદુઓના ગણ એ અવકાશના ઉપગણ છે.

• **બિંદુ :** બિંદુ એ અવ્યાખ્યાયિત પદ છે. તેને લંબાઈ, પહોળાઈ કે જાડાઈ જેવા પરિમાણ હોતા નથી. બિંદુને ટપકાં વડે દર્શાવાય છે. પરંતુ ટપકું એ બિંદુ નથી. બિંદુ દર્શાવવા માટે ટપકું મૂકીને તેની નજીક અંગ્રેજી કેપિટલ અક્ષર જેવા કે A, B, C, D, X, Y, Z વડે દર્શાવાય છે.

• **રેખા :** બંને છેડેથી અંત વગર વિસ્તરેલી રેખા એ બિંદુઓનો ગણ છે. પરંતુ ગમે તે બિંદુઓનો ગણ એ રેખા નથી. રેખાને l, m, n જેવા સંકેતોથી દર્શાવાય છે.

પૂર્વધારણા ① : દરેક રેખાને ઓછામાં ઓછા બે ભિન્ન બિંદુઓ હોય છે.

↓ તારણ

① રેખા એ ખાલી ગણ નથી.

② રેખા એ એકાકી ગણ નથી.

③ રેખા ઉપર બે કે તેથી વધુ બિંદુઓ છે.

પૂર્વધારણા ૨ : કોઈ પણ બે ભિન્ન બિંદુઓને સમાવતી એક અને માત્ર એક જ રેખા મળે. [અનન્ય] એટલે કે બે ભિન્ન બિંદુઓ એક રેખા નિશ્ચિત કરે છે.

→ ધારો કે રેખા m છે. પૂર્વધારણા 1 મુજબ રેખાની પર ઓછામાં ઓછા બે ભિન્ન બિંદુઓ A અને B હોય જ.




→ આમ, રેખા m ને $\overleftrightarrow{AB}$ પણ કહેવાય. ટૂંકમાં $m = \overleftrightarrow{AB}$

⊙ ચાર ભિન્ન બિંદુઓ વધુમાં વધુ કેટલી રેખાઓ નિશ્ચિત કરે અને ઓછામાં ઓછી કેટલી રેખાઓ નિશ્ચિત કરે?

→ ચાર ભિન્ન બિંદુઓ અસમરેખ હોય તો 6 રેખાઓ નિશ્ચિત થાય.

6 રેખા



→ ચાર ભિન્ન બિંદુઓ સમરેખ હોય તો 1 જ રેખા નિશ્ચિત થાય.



• રેખાઓના છેદગણ:

→ બે રેખાઓ l અને m ના છેદગણ વિશે ત્રણ શક્યતાઓ છે.

① $l \cap m = l = m$

જો રેખા l અને m એક જ હોય. તો $l \cap m = l = m$ મળે.

② $l \cap m = \phi$

જો રેખાઓ l અને m બે ભિન્ન રેખાઓ હોય અને એક બીજાને સમાંતર હોય તો એકબીજાને છેદે નહિ એટલે કે $l \parallel m$ છે. તો $l \cap m = \phi$ થાય.


③ $l \cap m = \{P\}$

→ બે રેખાઓ l અને m ભિન્ન રેખાઓ હોય તથા તેઓ એક બીજાને બિંદુ P માં છેદે તો $l \cap m = \{P\}$ થાય.

• રેખાખંડ

→ $\overleftrightarrow{PQ}$ ના P અને Q વચ્ચેના તથા P અને Q ને સમાવતા બિંદુઓનો ગણ રેખાખંડ PQ કહેવાય.

→ રેખા PQ સંકેતમાં $\overleftrightarrow{PQ}$ તથા રેખાખંડ PQ સંકેતમાં $\overline{PQ}$ લખાય.



આમ, $\overline{PQ} \subset \overleftrightarrow{PQ}$

→ રેખાખંડ એ બિંદુઓનો ગણ છે.

→ આપણે રેખાખંડ PQ ને સંકેતમાં $\overline{PQ}$ વડે દર્શાવીએ છીએ.

→ રેખાખંડ એ રેખાઓનો ઉપગણ છે.

→ જો બે રેખાખંડોની લંબાઈ સરખી હોય તો તે બે રેખાખંડ એકરૂપ છે તેમ કહેવાય.

જો AB = PQ તો $\overline{AB} \cong \overline{PQ}$

• એકરૂપ રેખાખંડના ગુણધર્મો:


① $\overline{XY} \cong \overline{XY}$ [સ્વવાચકતા]

② જો $\overline{XY} \cong \overline{PQ}$ તો $\overline{PQ} \cong \overline{XY}$ [સંમિતતા]

③ જો $\overline{XY} \cong \overline{PQ}$ અને $\overline{PQ} \cong \overline{RS}$ તો $\overline{XY} \cong \overline{RS}$ [પરંપરિતતા]

→ બે રેખાખંડોના છેદગણ વિશે 3 શક્યતાઓ છે.

① છેદગણ એક બિંદુ હોય



$\overline{AB} \cap \overline{PQ} = \{m\}$

② છેદગણ રેખાખંડ હોય.



$\overline{AB} \cap \overline{BD} = \{B\}$


$\overline{AC} \cap \overline{BD} = \overline{BC}$

$\overline{AB} \cap \overline{AC} = \overline{AB}$

$\overline{AB} \cap \overline{CD} = \phi$

③ છેદગણ ખાલીગણ હોય.

P ———— Q અહીં $\overline{PQ} \cap \overline{XY} = \phi$



• રેખાખંડનું મધ્યબિંદુ:


→ રેખાખંડને એક અને માત્ર એક જ મધ્યબિંદુ હોય.

→ દરેક રેખાખંડને મધ્યબિંદુ હોય જ.

→ રેખાખંડને એક અને માત્ર એક (અનન્ય) મધ્યબિંદુ જ હોય.

→ કિરણ અને રેખાને મધ્યબિંદુ ન હોય.

• કિરણ: $\overrightarrow{AB}$ નાં બિંદુ A થી B તરફનાં તમામ બિંદુઓના ગણને કિરણ AB કહે છે. સંકેતમાં તેને $\overrightarrow{AB}$ થી દર્શાવાય.



→ બિંદુ A એ $\overrightarrow{AB}$ નું ઉગમબિંદુ છે.

→ $\overrightarrow{AB}$ એ B તરફ અનંત સુધી વિસ્તરેલું છે.

→ B એ $\overrightarrow{AB}$ નું અંત્ય બિંદુ નથી. તે $\overrightarrow{AB}$ ના બિંદુઓના ગણનું એક બિંદુ છે.

$\overleftrightarrow{AB}$ માં $\overrightarrow{AB}$ સમાયેલ છે અને $\overrightarrow{AB}$ માં $\overline{AB}$ સમાયેલ છે.

$\overline{AB} \subset \overrightarrow{AB} \subset \overleftrightarrow{AB}$

• રેખાખંડનો દ્વિભાજક:

→ રેખાખંડના મધ્યબિંદુમાંથી પસાર થતા રેખા, રેખાખંડ કે કિરણને દ્વિભાજક કહે છે.


→ રેખાખંડનો દ્વિભાજક રેખા, રેખાખંડ કે કિરણ એમ ત્રણ હોઈ શકે.

→ રેખાખંડનો દ્વિભાજક રેખાખંડને મધ્યબિંદુએ છેદે

→ રેખાખંડને અનન્ય મધ્યબિંદુ હોય, પરંતુ રેખા કે કિરણને મધ્યબિંદુ ન હોય. આમ, રેખાખંડને દ્વિભાજક હોય. પણ રેખા કે કિરણને દ્વિભાજક ન હોય.

• ખૂણો: એક જ ઉદ્‌ભવબિંદુવાળા બે ભિન્ન કિરણો એક જ રેખામાં ન હોય તો તેમનો યોગગણ ખૂણો કહેવાય.

→ આકૃતિમાં બે ભિન્ન કિરણ $\overrightarrow{YX}$ અને $\overrightarrow{YZ}$ નું સામાન્ય બિંદુ Y છે. આ બે કિરણો $\overrightarrow{YX}$ અને $\overrightarrow{YZ}$ નો યોગગણ ખૂણો રચે છે.



• ખૂણાના માપ પ્રમાણે તેના પ્રકારો

→ મુખ્ય ત્રણ પ્રકારો પડે છે.

① કાટકોણ: જે ખૂણાનું માપ 90° હોય તેને કાટખૂણો કહેવાય.

② લઘુકોણ: જે ખૂણાનું માપ 90°થી ઓછું હોય તેને લઘુકોણ કહેવાય.

③ ગુરૂકોણ: જે ખૂણાનું માપ 90°થી વધારે હોય તેને ગુરૂકોણ કહે છે.

• ખૂણાના માપના આધારે ખૂણાની જોડના પ્રકારો:

① કોટિકોણ: જે બે ખૂણાના માપનો સરવાળો 90° થાય તે એકબીજાના કોટિકોણ કહેવાય.

② પૂરકકોણ: જો બે ખૂણાઓના માપનો સરવાળો 180° થાય તો તે એકબીજાના પૂરકકોણ કહેવાય.

③ એકરૂપ ખૂણાઓ: જે બે ખૂણાઓના માપ સરખા હોય તેને એકરૂપ ખૂણા કહેવાય.

∠ABC અને ∠PQR એકરૂપ ખૂણા છે તેમ દર્શાવવા ∠ABC ≅ ∠PQR લખાય.

• ખૂણાઓની બાજુઓના આધારે ખૂણાઓની જોડના પ્રકાર:

① આસન્ન ખૂણાઓ:

→ આપેલા બે ખૂણાઓના સંદર્ભમાં,

→ તે ખૂણાઓને સામાન્ય શિરોબિંદુ હોય.

→ તેમની એક બાજુ સામાન્ય હોય.


→ સામાન્ય ન હોય તેવી બાજુઓ સામાન્ય બાજુઓની વિરુદ્ધ બાજુએ હોય, તો તે ખૂણાઓને આસન્ન ખૂણાઓ કહેવાય.

આકૃતિમાં ∠BAD અને ∠DAC આસન્ન કોણો છે.

② ખૂણાઓની રૈખિક જોડ:

→ બે આસન્ન ખૂણાઓની એક બાજુ સામાન્ય હોય અને બાકીની બંને બાજુઓ પરસ્પર વિરુદ્ધ કિરણો હોય તો ખૂણાઓની આવી જોડને રૈખિક જોડના ખૂણા કહેવાય.


→ આકૃતિમાં ∠POA અને ∠POB રૈખિક જોડના ખૂણા છે.



③ અભિકોણ:

→ ખૂણાની બંને બાજુઓ પરસ્પર વિરુદ્ધ કિરણો હોય તો બંને ખૂણાને એકબીજાના અભિકોણ કહેવાય.

→ ∠AOC અને ∠BOD તથા ∠AOD અને ∠BOC અભિકોણો છે.




અભિકોણો એકરૂપ હોય.

ઉદા: આપેલી આકૃતિમાં x ની કિંમત y કરતાં કાટખૂણાના માપના એક તૃતીયાંશ જેટલી વધારે છે. તો x અને y ની કિંમત શોધો.

(A) x = 100 y = 80 (B) x = 110 y = 70

(C) x = 80 y = 100 (D) x = 105 y = 75



→ $x = y + 30$

→ $x + y = 180$

$y + 30 + y = 180$

$2y = 180 - 30$

$2y = 150$

$y = \boxed{75} \rightarrow x = 75 + 30$

$x = \boxed{105}$

ઉદા: 120° માપના ખૂણાના પૂરકકોણના કોટિકોણનું માપ શું થાય?

→ 120° નો પૂરકકોણ = $180 - 120$
$= 60°$

→ 60° નો કોટિકોણ = $90° - 60°$
$= \boxed{30°}$


ઉદા: 40° ના માપના ખૂણાના કોટિકોણનો પૂરકકોણનું માપ શું થાય?

→ 40° નો કોટિકોણ = $90 - 40°$
$= 50°$

→ 50° નો પૂરકકોણ = $180° - 50°$
$= \boxed{130°}$

⊙ સમાંતર રેખાઓ:

→ બે ભિન્ન સમતલીય રેખાઓ પરસ્પર છેદતી ન હોય તો તે રેખાઓ સમાંતર રેખાઓ કહેવાય.



તેને સંકેતમાં $\overleftrightarrow{AB} \parallel \overleftrightarrow{CD}$ વડે દર્શાવાય.


• છેદિકા:

→ બે સમતલીય રેખાઓની છેદિકા વડે કુલ 8 ખૂણાઓ બને.

① અનુકોણની 4 જોડ

② યુગ્મકોણની 2 જોડ

③ છેદિકાની એક તરફના અંતઃકોણની 2 જોડ.



① અનુકોણની 4 જોડ:

(i) ∠XPA અને ∠PQC

(ii) ∠XPB અને ∠PQD

(iii) ∠APQ અને ∠CQY

(iv) ∠BPQ અને ∠DQY

② યુગ્મકોણની ૨ જોડ:

∠APQ અને ∠PQD

∠BPQ અને ∠PQC

③ છેદિકાની એક તરફના અંતઃકોણની બે જોડ

∠APQ અને ∠PQC

∠BPQ અને ∠PQD

→ બે સમાંતર રેખાઓની છેદિકા t વડે બનતા


1) અનુકોણ એકરૂપ હોય
2) યુગ્મકોણ એકરૂપ હોય.
3) છેદિકાની એક તરફના અંતઃકોણ પૂરક હોય.

→ અનુકોણ — L (એલ)
- યુગ્મ કોણ — Z (ઝેડ)
- અંતઃ કોણ — E (ઈ)
- રૈખિક જોડના ખૂણા — ⊥ [ઉંધો એલ]
- આસન્ન ખૂણાઓ — Ψ [ત્રિશૂળ]

- ત્રિકોણ:

→ ત્રણ અસમરેખ બિંદુઓ દ્વારા નિશ્ચિત થતા ત્રણ રેખાખંડોના યોગગણને ત્રિકોણ કહેવાય.

→ જો P, Q, R ત્રણ અસમરેખ બિંદુઓ હોય, તો તેમના દ્વારા નિશ્ચિત થતા રેખાખંડો PQ, QR અને PR ના યોગગણને △PQR કહેવાય.



- ત્રિકોણના અંગો:

→ ત્રણ બાજુઓ અને ત્રણ ખૂણાઓને ત્રિકોણના અંગો કહે છે.

→ ત્રિકોણને કુલ 6 અંગો હોય છે.

Note: ત્રિકોણની બાજુઓ ત્રિકોણના ઉપગણો છે, પરંતુ ત્રિકોણના ખૂણાઓ ત્રિકોણના ઉપગણો નથી. પરંતુ ત્રિકોણની બાજુઓ અને ત્રિકોણના ખૂણાઓ ત્રિકોણના સમતલના ઉપગણો છે.

→ ત્રિકોણના સમતલનું ત્રિકોણ વડે વિભાજન ત્રણ ભાગોમાં થાય છે.

(i) ત્રિકોણ
(ii) ત્રિકોણનો અંદરનો ભાગ
(iii) ત્રિકોણનો બહારનો ભાગ


- ત્રિકોણનો બહિષ્કોણ:

→ ત્રિકોણના કોઈ ખૂણા સાથે રૈખિક જોડ બનાવતા ખૂણાને ત્રિકોણનો બહિષ્કોણ કહે છે.

- અંતઃસંમુખકોણ:

→ ત્રિકોણનો બહિષ્કોણ, ત્રિકોણના જે ખૂણા સાથે રૈખિક જોડ બનાવે તે ખૂણા સિવાયનો ત્રિકોણનો દરેક ખૂણો આપેલા બહિષ્કોણનો અંતઃસંમુખ કોણ કહેવાય.

→ ત્રિકોણના દરેક શિરોબિંદુએ બે બહિષ્કોણ મળે. આમ, ત્રિકોણને કુલ 6 બહિષ્કોણ હોય. દરેક બહિષ્કોણને બે અંતઃસંમુખકોણ હોય.



• બે ત્રિકોણો વચ્ચેની સંગતતા :

→ ΔABCના શિરોબિંદુઓને ગણ {A, B, C} તથા ΔPQRના શિરોબિંદુઓનો ગણ {P, Q, R} છે.

→ ΔABC અને ΔPQR વચ્ચે કુલ 6 એક એક સંગતતા મળે.

① ABC ↔ PQR
② ABC ↔ QPR
③ ABC ↔ RPQ
④ ABC ↔ PRQ
⑤ ABC ↔ QRP
⑥ ABC ↔ RQP

⊙ ત્રિકોણના પ્રકારો : (બાજુઓને આધારે)

① સમબાજુ ત્રિકોણ:
→ જે ત્રિકોણની ત્રણેય બાજુઓ એકરૂપ હોય તેને સમબાજુ ત્રિકોણ કહેવાય.

② સમદ્વિબાજુ ત્રિકોણ:
→ ત્રિકોણની કોઈ પણ બે બાજુઓ એકરૂપ હોય તો તેને સમદ્વિબાજુ ત્રિકોણ કહેવાય.

③ વિષમબાજુ ત્રિકોણ:
→ જે ત્રિકોણની કોઈ પણ બે બાજુઓ એકરૂપ ના હોય તેને વિષમબાજુ ત્રિકોણ કહેવાય.

⊙ ત્રિકોણના પ્રકારો [ખૂણાઓના આધારે]


① લઘુકોણ ત્રિકોણ: જે ત્રિકોણના બધા જ ખૂણાઓ લઘુકોણ હોય તેને લઘુકોણ ત્રિકોણ કહે છે.



② ગુરુકોણ ત્રિકોણ: જે ત્રિકોણનો કોઈ એક ખૂણો ગુરુકોણ હોય તો તેને ગુરુકોણ ત્રિકોણ કહેવાય છે.



③ કાટકોણ ત્રિકોણ:
→ જે ત્રિકોણનો કોઈ એક ખૂણો કાટખૂણો હોય તો તેને કાટકોણ ત્રિકોણ કહે છે.



⊙ પાયથાગોરસનો પ્રમેય:


$$AC^2 = AB^2 + BC^2$$

AB	BC	AC
3	$\frac{3^2-1}{2} = 4$	$\frac{3^2+1}{2} = 5$
5	$\frac{5^2-1}{2} = 12$	$\frac{5^2+1}{2} = 13$
7	$\frac{7^2-1}{2} = 24$	$\frac{7^2+1}{2} = 25$
6	$\frac{6}{2} = 3$, 3^2-1 ↓ 8	3^2+1 ↓ 10
8	$\frac{8}{2} = 4$, 4^2-1 ↓ 15	4^2+1 ↓ 17

ઉપરના કોષ્ટકને પાયથાગોરિયન ત્રિપ્લેટ કહે છે.

3	4	5
5	12	13
7	24	25
6	8	10
8	15	17

⊙ બાજુબા પૂર્વધારણા




m∠A ≅ m∠P

$\overline{AB} \cong \overline{PQ}$ $\overline{AC} \cong \overline{PR}$

હોવાથી.

Δ ABC ≅ Δ PQR

⊙ ખૂખૂબા શરત



m∠A ≅ m∠X


m∠B ≅ m∠Y

$\overline{BC} \cong \overline{YZ}$

ABC ⟷ XYZ

Δ ABC ≅ Δ XYZ

⊙ ખૂબાખૂ પ્રમેય:



m∠A ≅ m∠P


m∠B ≅ m∠Q

$\overline{AB} \cong \overline{PQ}$

ABC ⟷ PQR

Δ ABC ≅ Δ PQR


⊙ બાબાબા પ્રમેય



$\overline{AB} \cong \overline{PQ}$ $\overline{BC} \cong \overline{QR}$ $\overline{AC} \cong \overline{PR}$

ABC ⟷ PQR Δ ABC ≅ PQR

⊙ કાકબા પ્રમેય



m∠B ≅ m∠E

$\overline{BC} \cong \overline{EF}$

કર્ણ $\overline{AC} \cong \overline{DF}$

ABC ⟷ DEF

Δ ABC ≅ Δ DEF


18. ચતુષ્કોણ

→ ચતુષ્કોણ એ એક એવી ભૌમિતિક રચના છે જેને ચાર ખૂણાઓ હોય.

→ ચતુષ્કોણના નીચે પ્રમાણે પ્રકારો પડે છે.

① સમાંતરબાજુ
② સમબાજુ
③ લંબચોરસ
④ ચોરસ
⑤ સમલંબ

① સમાંતરબાજુ ચતુષ્કોણ:



→ જે ચતુષ્કોણની સામસામેની બાજુઓની બંને જોડ સમાંતર હોય તેવા ચતુષ્કોણને સમાંતરબાજુ ચતુષ્કોણ કહે છે.


$\overline{AB} \parallel \overline{DC}$ અને $\overline{AD} \parallel \overline{BC}$

- વિકર્ણો પરસ્પર દુભાગે.
- વિકર્ણો સરખા માપવાળા ન હોય.
- સામ-સામેની બાજુઓના માપ સરખા હોય.
- સામ-સામેના ખૂણાઓના માપ સરખા હોય.
- સમાંતરબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ

ABCD = વેધ × અનુરૂપ પાયો
= AM × BC

② સમબાજુ ચતુષ્કોણ

ક્ષેત્રફળ =
= $\frac{1}{2}$ × વિ.નો ગુણાકાર
= $\frac{1}{2}$ × SQ × PR



→ જે સમાંતરબાજુ ચતુષ્કોણના ચારેય બાજુના માપ સરખા હોય તેવા સમાંતરબાજુ ચતુષ્કોણને સમબાજુ ચતુષ્કોણ કહે છે.


$\overline{SR} \parallel \overline{PQ}$ અને $\overline{SP} \parallel \overline{QR}$

PQ = QR = RS = SP

- વિકર્ણો પરસ્પર દુભાગે.
- વિકર્ણો માપ સરખા નથી.
- વિકર્ણો એકબીજાને કાટખૂણે દુભાગે.
- દરેક ચોરસ એ સમબાજુ ચતુષ્કોણ છે પરંતુ દરેક સમબાજુ ચતુષ્કોણ એ ચોરસ નથી.

③ લંબચોરસ:

→ જે સમાંતરબાજુ ચતુષ્કોણના ચારેય ખૂણાના માપ સરખા હોય તેવા સમાંતરબાજુ ચતુષ્કોણને લંબચોરસ કહે છે.



$\overline{AD} \parallel \overline{BC}$ $\overline{AB} \parallel \overline{DC}$


$m\angle A = m\angle B = m\angle C = m\angle D = 9$

Scanned by CamScanner

- વિકર્ણોના માપ સરખા હોય.
- વિકર્ણો એકબીજાને દુભાગે.

⊙ લંબચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × પહોળાઈ

④ ચોરસ



→ જે સમબાજુ ચતુષ્કોણના ચારે ખૂણાના માપ સરખા હોય તેવા ચતુષ્કોણને ચોરસ કહે છે.


$\overline{AB} \parallel \overline{CD}$ $\overline{AD} \parallel \overline{BC}$

$AB = BC = CD = AD$

$m\angle A = m\angle B = m\angle C = m\angle D = 90$

- વિકર્ણોના માપ સરખા હોય.
- વિકર્ણો એકબીજાને દુભાગે.
- ચોરસનું ક્ષેત્રફળ = લંબાઈ × લંબાઈ

⑤ સમલંબ ચતુષ્કોણ



- જે ચતુષ્કોણની સામ-સામેની બાજુઓની એક અને માત્ર એક જોડ સમાંતર હોય તેવા ચતુષ્કોણને સમલંબ ચતુષ્કોણ કહે છે.

$\overline{AD} \parallel \overline{BC}$

→ વિકર્ણોના માપ સરખા નથી
→ વિકર્ણો એકબીજાને દુભાગતા નથી.

- સમલંબ ચતુષ્કોણ = સમાંતર બાજુની સરવાળાના અડધો × વેધ

$= \frac{AD + BC}{2} \times AM$

① □ABCD માટે $m\angle A = m\angle B = m\angle C = m\angle D$ હોય તો $m\angle B$ = ___ થાય.
(A) 360° (B) 180° (C) 90° (D) 60°

$m\angle A = m\angle B = m\angle C = m\angle D$ આપેલ.


$m\angle A + m\angle B + m\angle C + m\angle D = 360°$

→ $m\angle B + m\angle B + m\angle B + m\angle B = 360$

→ $4 \times m\angle B = 360$

$m\angle B = 90°$

② જો સમબાજુ □ABCDની પરિમિતિ 108 છે તો AB = ___ છે. (A) 9 (B) 27 (C) 18 (D) 36



ધારો કે $AB = x$

$AB = BC = CD = DA$ હોવાથી

$AB + BC + CD + DA = 108$

$4AB = 108$

AB = 27 સે.મી

③ □m ABCDમાં AB = 10 સેમી અને AD = 6 સેમી હોય તો □m ABCDની પરિમિતિ શોધો.

(A) 28 (B) 32 (C) 64 (D) 48

□m ABCDમાં $\overline{AB} \cong \overline{DC}$ અને $\overline{AD} \cong \overline{CB}$

AB = DC = 10 સે.મી., AD = BC = 6 સે.મી.

□m ABCDની પરિમિતિ

AB + BC + CD + AD

= 10 + 6 + 10 + 6

= **32 સેમી**

④ □ABCDમાં ખૂણાઓ ∠A, ∠B, ∠C અને ∠D ના માપના ગુણોત્તર અનુક્રમે 1:2:4:5 હોય તો ખૂણા A નું મૂલ્ય શોધો.

(A) 30 (B) 60 (C) 90 (D) 36

∠A ∠B ∠C ∠D
1 : 2 : 4 : 5
x 2x 4x 5x

$m\angle A + m\angle B + m\angle C + m\angle D = 360^\circ$

$x + 2x + 4x + 5x = 360^\circ$

$12x = 360^\circ$

$x = 30^\circ$

⑤ આકૃતિમાં આપેલ બાજુઓના માપ પરથી □PQRS નું ક્ષેત્રફળ શોધો.



→ કાટકોણ ત્રિકોણમાં પાયથાગોરસના પ્રમેય પ્રમાણે ગણતરી કરી શકાય.

→ Pythagorean Triplet પ્રમાણે

QR = 8   SR = 17 → SQ = 15 થાય.

હવે, SQ = 15   SP = 9

3, 4, 5 ×3 → 9, 12, 15 આથી


→ □PQRSનું ક્ષેત્ર = ΔPQSનું ક્ષેત્ર + ΔSQRનું ક્ષેત્ર.

$= \frac{1}{2} \times 15 \times 8 + \frac{1}{2} \times 9 \times 12$

= 60 + 56

= **114 સેમી²**

⑥ આકૃતિમાં આપેલ ચતુષ્કોણનું ક્ષેત્રફળ શોધો.



→ પાયથાગોરસના પ્રમેય પ્રમાણે.

DM = 6 . NC = 6

→ AB = 14 ⇒ MN = 14


→ □ABCDનું ક્ષેત્ર = ΔAMDનું ક્ષેત્ર + ΔBNCનું ક્ષેત્ર + □ABNMનું ક્ષેત્ર.

$= \frac{1}{2} \times 6 \times 8 + \frac{1}{2} \times 6 \times 8 + 14 \times 8$

= 24 + 24 + 112

= **160 સેમી²**

(7) આકૃતિ પરથી □AMCDનું ક્ષેત્રફળ શોધો.



→ પાયથાગોરસ પ્રમેય મુજબ,

BC = 25 હોવાથી MB = 24

CM = 7 થાય.


□AMCDનું ક્ષેત્રફળ = લં × પ

= 24 × 7

= **168 સેમી²**

(8) □ABCDની ચારેય બાજુઓ એક વર્તુળને સ્પર્શે છે. જો AB = 6, BC = 3 અને CD = 4 હોય, તો AD = ?

(A) 2 (B) 4 (C) 9 (D) 7



→ સામસામેની બાજુઓનો સરવાળો સમાન થાય.


AB + CD = BC + AD

6 + 4 = 3 + AD

AD = 7

(9) એક સમબાજુ ચતુષ્કોણની બાજુની લંબાઈ 5 સેમી છે તથા એક વિકર્ણની લંબાઈ 8 સેમી છે. તો બીજા વિકર્ણની લંબાઈ શોધો

(A) 4 (B) 6 (C) 8 (D) 10



AB = BC = CD = DA = 5

AC = 8

$OC = \frac{1}{2} \times 8$

OC = 4

ΔDOC માં

$OD = \sqrt{CD^2 - OC^2}$

$= \sqrt{5^2 - 4^2}$

$= \sqrt{25 - 16}$

$= \sqrt{9}$

OD = 3


OB = 3

બીજો વિકર્ણ = OD + OB

= 3 + 3 = **6 સેમી**

(10) ABCD એક સમલંબ ચતુષ્કોણ છે. તેની સમાંતર બાજુઓ AB તથા CDની લંબાઈ ક્રમશઃ 10 સેમી અને 12 સેમી છે. જો AD તથા BCના મધ્યબિંદુ ક્રમશઃ E તથા F હોય તો EF = ?

(A) 11 (B) >11 (C) <11 (D) કહી શકાય નહિ



$EF = \frac{1}{2}(AB + CD)$


$= \frac{1}{2}(10 + 12)$

$= \frac{1}{2}(22)$

= **11 સેમી**

(11) □ABCD સમબાજુ ચતુષ્કોણ છે. જો AB = 25 સેમી તથા AC = 48 સેમી હોય તો □ABCDનું ક્ષેત્રફળ ___ સેમી^{2} થાય.

(A) 600 (B) 336 (C) 672 (D) 1200



AC = 48
= AE + EC
∴ AE = 24

→ પાયથાગોરસ પ્રમાણે.
AD = 25 AE = 24
DE = 7 થાય.

→ BD = DE + BE
= 7 + 7
= 14

□ABCDનું ક્ષેત્રફળ = $\frac{1}{2}$ × બંને વિકર્ણોનો ગુણાકાર
= $\frac{1}{2}$ × 14 × 48
= 7 × 48
= **336**

(12) ___ ના વિકર્ણો એકબીજાને કાટખૂણે દુભાગે છે.

(A) સમાંતરબાજુ ચતુષ્કોણ
(B) ચોરસ
(C) લંબચોરસ
(D) સમલંબ ચતુષ્કોણ

ચોરસ

(13) ___ ના વિકર્ણો સરખા માપના હોય છે અને એકબીજાને દુભાગે છે.

(A) **લંબચોરસ** (B) સમબાજુ
(C) સમલંબ (D) સમાંતરબાજુ ચતુષ્કોણ

(14) ___ ની ચારેય બાજુઓ સરખી ન હોય, પરંતુ ચારેય ખૂણાઓનાં માપ સરખાં હોય છે.

(A) ચોરસ (B) સમબાજુ ચતુષ્કોણ
(C) **લંબચોરસ** (D) સમલંબ ચતુષ્કોણ

(15) જે ચતુષ્કોણની સામ-સામેની બાજુઓની એક અને માત્ર એક જોડ સમાંતર હોય છે. તે ___ છે.

(A) ચોરસ (B) લંબચોરસ
(C) સમબાજુ (D) **સમલંબ**

(16) ચતુષ્કોણને કુલ ___ અંગો હોય છે.

(A) 7 (B) 8 (C) 9 (D) **10**

(17) દરેક લંબચોરસ ___ ચતુષ્કોણ છે.

(A) **સમાંતરબાજુ** (B) ચોરસ
(C) સમલંબ (D) આપેલ તમામ

(18) એક જ પાયા પર આવેલા અને બે સમાંતર રેખાઓની જોડ વચ્ચે આવેલા બે સમાંતરબાજુ ચતુષ્કોણો ___ ક્ષેત્રફળવાળા હોય છે.

(A) અસમાન (B) **સરખા** (C) અડધા (D) કહી શકાય નહિ

• બહુકોણ ધરાવતી આકૃતિઓના અંદરના ખૂણાઓનો કુલ સરવાળો

= $(2n-4) \times 90^\circ$ જ્યાં n = બાજુઓની સંખ્યા

GPSCમાં પૂછાયેલાં પ્રશ્નો

① AZ, BX, CU, ?

(A) DP (B) DR
(C) DQ (D) DO

→ A $\xrightarrow{+1}$ B $\xrightarrow{+1}$ C $\xrightarrow{+1}$ D → **DQ**

→ Z $\xrightarrow{-2}$ X $\xrightarrow{-3}$ U $\xrightarrow{-4}$ Q.

② સાંકેતિક MADEને NZWV તરીકે લખવામાં આવે તો BACKને કઈ રીતે લખાશે?

(A) XZWO (B) YZXP
(C) NRJU (D) STZU

A B C D E F G H I J K L M
Z Y X W V U T S R Q P O N

M → N
A → Z
D → W
E → V

B A C K
↓ ↓ ↓ ↓
Y Z X P

③ A_1, A_2 અને A_3 ની સરેરાશ 20 છે. A_2 અને A_3 ના સરવાળાને 2 વડે ગુણવામાં આવે તો તે રકમ 88 થાય છે. આ સંજોગોમાં A_1 ની કિંમત શોધો.

(A) 44 (B) 20 (C) 16 (D) 28

$A_1 + A_2 + A_3 = 20 \times 3 = 60$

$2 \times (A_2 + A_3) = 88$

$A_2 + A_3 = 44$

$A_1 + 44 = 60$

$A_1 = 60 - 44$ → **$A_1 = 16$**

④ પાંચ વ્યક્તિઓ ધરાવતા કુટુંબની માસિક સરેરાશ આવક રૂ. 12,000 છે. પાંચ વ્યક્તિઓ પૈકી એકના માસિક પગારમાં રૂ. 12,000નો વધારો થાય છે. આ સંજોગોમાં પાંચ વ્યક્તિઓ ધરાવતા કુટુંબની માસિક સરેરાશ આવક કેટલી હશે?

(A) 12,000 (B) 24,000
(C) 22,000 (D) 14,400

→ એકના માસિક પગારમાં રૂ. 12,000નો વધારો થાય છે. અન્ય કુટુંબના સભ્યો સરખે ભાગે વહેંચાયા.

$\frac{12000}{5} = 2400$

→ હવે નવી માસિક સરેરાશ

$12{,}000 + 2400 =$ **14,400**

⑤ જો $x^2 + y^2 = 34$ અને $x^4 - y^4 = 544$ છે. આ સંજોગોમાં x અને y ની કિંમત કેટલી હશે?

(A) +4, +3 (B) +5, +3
(C) +3, +5 (D) +3, +4

$x^4 - y^4 = 544$

$(x^2+y^2)(x^2-y^2) = 544$

$34 \times (x^2-y^2) = 544$

$x^2 - y^2 = 544/34$

$x^2 - y^2 = 16$

→ $x^2 + y^2 = 34$
$+ \; x^2 - y^2 = 16$
$2x^2 = 50$ → $x^2 = 25$

$x = 5$

$(5)^2 + y^2 = 34$

$y^2 = 9$ → $y = 3$ **(5, 3)**

⑥ કામ મોડું કરવા બદલ કામદારને પ્રથમ દિવસે 200 રૂ., બીજા દિવસે 250 રૂ. ત્રીજા દિવસે 300 રૂ. એમ દરરોજની રકમ 50 રૂ. વધારીને પેનલ્ટી વસુલ કરવાની શરત છે, જો આ કામ 10 દિવસ મોડું થાય તો કુલ દંડ કેટલો હશે?

(A) 4,450 (B) 4,250

(C) 4,050 (D) 3,950

→ 200, 250, 300 .... સમાંતર શ્રેણી બને.

$a = 200 \quad d = 50$

$T_{10} = a+(n-1)d$

$= 200 + (10-1)50$

$= 200 + 9\times 50$

$= 200 + 450$

$= 650$

$S_n = \frac{n}{2}(a+l)$ a = પ્રથમ પદ, l = છેલ્લું પદ

$= \frac{10}{2}(200+650)$

$= \frac{10 \times 850}{2}$

$= 10 \times 425$

$= \boxed{4250}$

⑦

3	380	7
2	224	6
1	730	?

ખાલી જગ્યા પૂરો.

(A) 5 (B) 8

(C) 9 (D) 11

→ $(3)^3 + (7)^3 = 27 + 343 = 380$

$(2)^3 + (6)^3 = 8 + 216 = 224$

$(1)^3 + (x)^3 = 730$

$1 + (x^3) = 730$

→ $x^3 = 730 - 1$

$x^3 = 729$

$\boxed{x = 9}$

⑧

64	
16	8

40	
24	5

?	
36	8

→ ખાલી જગ્યા પૂરો.

$64 \div 8 = 8 \Rightarrow 8\times 2 = 16$

$40 \div 5 = 8 \Rightarrow 8 \times 3 = 24$

$x \div 8 = y \Rightarrow y \times 4 = 36$

$y = 36 \div 4$

$\boxed{y = 9}$

$\frac{x}{8} = 9$

$\boxed{x = 72}$

⑨ $\sqrt{256} + \sqrt{225} + \sqrt{64} - 3 = (?)^4$

(A) $\sqrt{5}$ (B) $\sqrt{7}$ (C) $\sqrt{4}$ (D) $\sqrt{6}$

→ $\sqrt{256} + \sqrt{225} + \sqrt{64} - 3$

→ $16 + 15 + 8 - 3$

→ $39 - 3$

→ 36

→ 6×6

→ $\sqrt{6} \times \sqrt{6} \times \sqrt{6} \times \sqrt{6}$

→ $\boxed{(\sqrt{6})^4}$

(10) રવિના જીવનનો એક ચતુર્થાંશ ભાગ એક નાના છોકરા તરીકે વીત્યો, એક પંચમાંશ ભાગ કિશોરાવસ્થામાં, એક તૃતીયાંશ ભાગ પુખ્તવયના પુરુષ તરીકે અને 13 વર્ષ વૃદ્ધાવસ્થામાં વીત્યા તો તેની વર્તમાન ઉંમર કેટલી હશે?

(A) 70 વર્ષ (B) 80 વર્ષ
(C) 60 વર્ષ (D) 65 વર્ષ

→ છોકરા ↓ $\frac{1}{4}$ કિશોરાવસ્થા ↓ $\frac{1}{5}$ પુખ્ત ↓ $\frac{1}{3}$ કુલ ↓ 1

→ $\frac{1}{4} + \frac{1}{5} + \frac{1}{3} = \frac{15+12+20}{60} = \frac{47}{60}$

→ બાકીનો ભાગ $= 1 - \frac{47}{60} = \frac{13}{60}$

→ $\frac{13}{60}$ ભાગ → 13 વર્ષ

1 ભાગ → ?

$\frac{13 \times 60}{13}$ = **60 વર્ષ**

(11) $36 \times 256 = 48 \times x$ તો $x = ?$

(A) 192 (B) 128 (C) 156 (D) 164

→ $36 \times 256 = 48 \times x$

$\frac{36 \times 256}{48} = x$

$\frac{3 \times 256}{4} = x \rightarrow x = 3 \times 64 = $ **192**

(12)

29	87	261
41	?	164

(A) 67 (B) 56 (C) 112 (D) 82

→ $29 \times 3 = 87$ $87 \times 3 = 261$


$41 \times 2 =$ **82** $82 \times 2 = 164$


(13) ગંગાને પોતાના સંતાનોમાંથી રામ અને રેખા સૌથી વધુ પ્રિય છે. રેખા શરદની માતા છે. જે તેના મામા મિતુલનો ખૂબ લાડકો છે. પરિવારના વરિષ્ઠતમ સભ્ય રામલાલ છે. જેના ઉત્તરાધિકારી તેમના પુત્રો ગોપાલ અને મોહન છે. ગોપાલ અને ગંગા 35 વર્ષથી વિવાહિત છે. અને તેમના ત્રણ સંતાનો છે. તો મોહનનો મિતુલ સાથે શું સંબંધ છે.

(A) કાકા (B) પુત્ર (C) ભાઈ
(D) કોઈ સંબંધ નથી.

કાકા

(14)





→ ઉપરોક્ત ઘન (cube) ની બે સ્થિતિઓના આધારે જણાવો કે અંક 4 ની સામે કયો અંક આવશે?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

→ બંને આકૃતિમાં 6 અને 3 સામાન્ય છે એટલે બાકીના બંને અંક એકબીજાની સામે આવશે.

→ 2 ⟷ 4 4ની સામે [2]

(15) $0.6 \times 0.06 \times 0.006 \times 60 = ?$

(A) 12960 (B) 0.12960

(C) 0.012960 (D) 0.0012960

→ $0.6 \times 0.06 \times 0.006 \times 60$ (1, 2, 3)

→ દશાંશનો સરવાળો કરો

$1+2+3 = 6$

→ $6 \times 6 \times 6 \times 60 = 12960$

→ છ દશાંશવાળો જવાબ [0.012960]

(16) $(400 \div 32) \times (648 \div 18) = ?$

(A) 425 (B) 430 (C) 450 (D) 435

$= \frac{400}{32} \times \frac{648}{18}$

$= \frac{50}{4} \times \frac{324}{9}$ (81, 9)

$= 50 \times 9 =$ [450]

(17) એક વ્યક્તિ બેંક પાસેથી રૂ. 7000 ની સાદા વ્યાજે લોન લે છે. 3 વર્ષ પછી રૂ. 3000 જમા કરાવે છે. અને ત્યાર બાદ કુલ 5 વર્ષે રૂ. 5450 જમા કરાવે છે. તો વ્યાજનો દર શોધો.

(A) 5% (B) 7%

(C) 10% (D) 15%

→ રૂ. 7000 3 વર્ષ માટે

રૂ. 4000 2 વર્ષ માટે

→ કુલ રૂ. $5450 + 3000 = 8450$ જમા કરાવે.

વ્યાજ = વ્યા. મુ − મુદ્દલ

$= 8450 - 7000$

$= 1450$

→ હવે,

$$\frac{7000 \times x \times 3}{100} + \frac{4000 \times x \times 2}{100} = 1450$$

$210x + 80x = 1450$

$290x = 1450$

$x = \frac{1450}{290}$

[$x = 5\%$]

→ આમ, વ્યાજનો દર [5%] થાય.

(18) એક વ્યક્તિ પાસે 1 રૂપિયાના, 50 પૈસાના અને 25 પૈસાના મૂલ્યના કુલ 465 સિક્કાઓ છે. આ સિક્કાઓનો ગુણોત્તર 5:3:1 હોય તો તે વ્યક્તિ પાસે એક રૂપિયાના કેટલા સિક્કા હોય?

(A) 152 (B) 155 (C) 154 (D) 156

→ 1 રૂપિયા ↓ 1 | 50 પૈસા ↓ $\frac{1}{2}$ | 25 પૈસા ↓ $\frac{1}{4}$

×5 ×6 ×4

5 3 1 મેળવવો

5+6+4 Part = 465

15 Part = 465

1 Part = $\frac{465}{15}$

1 Part = 31

→ 5×31 = **155** → 1 રૂપિયાના

6×31 = 186

4×31 = 124

465 સિક્કા

(19) એક કામદારની મજૂરી પહેલા 10% વધારાય અને પછી 5% ઘટાડાય તો તેની મૂળ મજૂરીમાં કેટલા ટકા વધારો કે ઘટાડો થયો ગણાય?

(A) 5.4% નો વધારો (B) 5.4નો ઘટાડો

(C) 4.5% નો વધારો (D) 4.5% નો ઘટાડો

Net = $A+B+\frac{AB}{100}$ A = +10, B = −5

$= +10-5+\frac{(10)(-5)}{100}$

$= +10-5-0.5$ ⇒ 10 − 5.5

⇒ + **4.5% નો વધારો**

(20) છ સભ્યોના એક પરિવારની સરેરાશ વય 22 વર્ષ છે. જો તે પરિવારના સૌથી નાના સભ્યની વય 7 વર્ષ હોય તો તે સભ્યના જન્મ પહેલાની પરિવારની સરેરાશ વય કેટલી હોય?

(A) 20 વર્ષ (B) 18 વર્ષ (C) 21 વર્ષ (D) 22 વર્ષ

→ પરિવારની ઉંમરનો સરવાળો = 22×6 = 132

7 વર્ષ પહેલાનો સરવાળો

132 − (6×7) = 132 − 42 = 90

→ જન્મ પહેલાની સરેરાશ = $\frac{90}{5}$

= **18 વર્ષ**

(21) રૂ. 8000 પર 2.5% પ્રતિ વર્ષ લેખે ત્રણ વર્ષ માટે ગણેલ સાદા વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજની રકમનો તફાવત કેટલો થાય?

(A) રૂ. 15.25 (B) રૂ. 15.75

(C) રૂ. 15.10 (D) રૂ. 15.125

→ ત્રણ વર્ષનો તફાવત = $\frac{PR^2(R+300)}{(100)^3}$

$= \frac{8000\times2.5\times2.5(2.5+300)}{100\times100\times100}$

$= \frac{8000\times25\times25(302.5)}{1000000\times10\times10}$

$= \frac{2\times25\times25(302.5)}{1000\times100}$

$= \frac{2\times302.5}{40}$

$= \frac{302.5}{20}$

= **રૂ. 15.125**

(૨૨) એક ટાંકીમાં બે નળ A અને B છે. A થી ટાંકી 36 કલાકમાં અને માત્ર B થી ટાંકી 45 કલાકમાં ભરાઈ જાય છે. જો બંને નળ સાથે ખુલ્લા મૂકી દેવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાઈ જાય!

(A) ૨૦ કલાક (B) 21 કલાક

(C) ૨૨ કલાક (D) 40.5 કલાક

નળ A : 36 ×5 → 180

નળ B : 45 ×4

A+B = 9

→ $\frac{180}{9}$ = **૨૦ કલાક**

(૨૩) આપેલ માહિતી વાંચીને પ્રશ્નોના જવાબ આપો.

(i) A, B, C, D, E, F, G એમ સાત મૂળાક્ષરોને એક લાઈનમાં ગોઠવવામાં છે.

(ii) E અને F ની વચ્ચે એક મૂળાક્ષર છે. G એ A ની તરત જમણી બાજુ છે.

(iii) F ની તરત ડાબી બાજુ B છે.

(iv) D અને A ની વચ્ચે એક મૂળાક્ષર છે.

(v) D એ G નો પાડોશી નથી.

(vi) G અને F ની વચ્ચે બે મૂળાક્ષરો છે.

(a) A ની ડાબી બાજુએ બીજા ક્રમે કયો મૂળાક્ષર હશે!

(A) C (B) B (C) D (D) E

(b) આખી લાઈનમાં સૌથી મધ્યમાં કયો મૂળાક્ષર હશે?

(A) D (B) A (C) C (D) G

(c) લાઈનમાં બંને સ્થાનો (છેડાનો) પર કયા મૂળાક્ષરોની જોડ હશે?

(A) A-C (B) E-G

(C) D-F (D) C-B




(a) D જવાબ (C)

(b) G મૂળાક્ષર જવાબ : (D)

(c) D-F મૂળાક્ષર જવાબ : (C)

(૨૪) નીચે આપેલ કોયડામાં "?" ની જગ્યાએ કયો અંગ્રેજી મૂળાક્ષર આવે?




(A) Z (B) X (C) W (D) U

→ A $\xrightarrow{+2}$ C $\xrightarrow{+3}$ F $\xrightarrow{+4}$ J $\xrightarrow{+1}$ K

→ K $\xrightarrow{+2}$ M $\xrightarrow{+3}$ P $\xrightarrow{+4}$ T $\xrightarrow{+1}$ **U**

(૨૫) નીચે ડાબી બાજુ આપેલ (X) પરના ચિત્રને આપેલ ગડ (ડોટેડ લાઈન) મુજબ જમણીથી ડાબી વાળવામાં આવે, તો જમણી બાજુ આપેલ (1) થી (4) માં દર્શાવેલ ચિત્ર પૈકી કયું ચિત્ર જેવું દેખાય છે?



(A) 1 (B) 2 (C) 3 (D) 4

A (1)

(26) ABD, DGK, HMS, MTB, SBL, ?

(A) ZKU (B) ZKW

(C) ZAB (D) XKW

A $\xrightarrow{+3}$ D $\xrightarrow{+4}$ H $\xrightarrow{+5}$ M $\xrightarrow{+6}$ S $\xrightarrow{+7}$ Z

B $\xrightarrow{+5}$ G $\xrightarrow{+6}$ M $\xrightarrow{+7}$ T $\xrightarrow{+8}$ B $\xrightarrow{+8}$ K

D $\xrightarrow{+7}$ K $\xrightarrow{+8}$ S $\xrightarrow{+9}$ B $\xrightarrow{+10}$ L $\xrightarrow{+11}$ W

ZKW

(27) ખાલી જગ્યા પૂરો: 1, 6, 15, ?, 45, 66, 91

(A) 25 (B) 26 (C) 27 (D) 28

1 6 15 ?(28) 45 66 91

5 9 (13) (17) 21 25

4 (4) (4) 4

28

(28)

18	24	32
12	14	16
3	?	4
72	112	128

(A) 2 (B) 4 (C) 3 (D) 5

